# ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ.એ Q2 અને H1/FY23 માટે પરિણામોની જાહેરાત કરી

ગુરુગ્રામ,

ભારતની અગ્રણી સંકલિત સપ્લાય ચેઇન અને લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પ્રોવાઇડર ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિ.એ આજે Q2 અને H1/FY23 માટે તેના નાણાકીય પરિણામો જાહેર કર્યા છે.

સ્ટેન્ડઅલોન

પર્ફોર્મન્સ હાઇલાઇટ્સઃ H1 FY2023ની તુલના H1 FY2022

રૂ.૧૬૫૮ કરોડની આવક કામગીરીમાંથી, વાર્ષિક ધોરણે ૨૩% વૃદ્ધિ

EBITDA H1 FY2022 માં ૧૮૬ કરોડની સરખામણીમાં રૂ.૨૧૪ કરોડ

EBITDA માર્જિન FY2022 ના H1 માં ૧૩.૮૨% ની સરખામણીમાં ૧૨.૯૨% પર

PAT H1 FY2022 માં ૧૧૭ કરોડની તુલનાએ રૂ.૧૩૪ કરોડ રહ્યો

કોન્સોલિડેટેડ

પર્ફોર્મન્સ હાઇલાઇટ્સઃ H1 FY2023ની તુલના H1 FY2022

રૂ. ૧૮૩૬ કરોડની ઓપરેશન્સ દ્વારા આવક, વાર્ષિક ધોરણે ૨૧%ની વૃદ્ધિ

EBITDA H1 FY2022 માં ૧૯૮ કરોડની સરખમાણીએ રૂ. ૨૩૬ કરોડ

EBITDA dprS®>" FY2022 ના ઈ૧માં ૧૩.૦૨%ની સરખામણીમાં ૧૨.૮૬% પર

PAT H1 FY2022 માં ૧૨૪ કરોડની સરખામણીએ રૂ.૧૫૧ કરોડ નોંધાયો. પરિણામ પર ટિપ્પણી કરતાં TCIના મેનેજિંગ ડિરેક્ટર શ્રી વિનીત અગ્રવાલે જણાવ્યું હતું કે કંપનીએ ચર અને HY FY23 માં સાતત્યપૂર્ણ પ્રદર્શન દર્શાવ્યું હતું. ઓટોમોબાઇલ અને વપરાશ ક્ષેત્રોમાં વધતી માંગ સાથે મુખ્ય બિઝનેસ ફંડામેન્ટલ્સ પર ફોકસ કરવાથી તમામ બિઝનેસ સેગમેન્ટ્સ સંતોષકારક ડિલિવરી કરવામાં સક્ષમ બન્યા છે. ફુગાવાના દબાણ છતાં પરિણામો ઉત્કૃષ્ટ રહ્યાં હતા.

કંપની તેના વ્યાપક મલ્ટીમોડલ નેટવર્ક, કસ્ટમાઇઝ્ડ સર્વિસ ઓફરિંગ, યોગ્ય ટેક્નોલોજી અને ઓટોમેશનમાં રોકાણ દ્વારા ઉચ્ચ વૃદ્ધિના સેગમેન્ટ્સને ટેપ કરવામાં અલગ સ્થાન ધરાવે છે.

વધુમાં અગાઉ જાહેર કરાયેલ પીએમ ગતિ શક્તિ ફ્રેમવર્કની સાથે રાષ્ટ્રીય લોજિસ્ટિક્સ નીતિનો પ્રારંભ સીમલેસ મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટેશન અને આધુનિક કનેક્ટિવિટી તરફ આગળ વધવા તથા આપણા દેશના લોજિસ્ટિક્સને કાર્યક્ષમ અને સ્પર્ધાત્મક બનાવવા માટે ડિજિટલાઇઝેશન અને સ્ટાન્ડર્ડાઇઝેશનમાં વધારો કરવા માટે નિમિત્ત બનશે. TCI વર્ષોથી મજબૂત વૃદ્ધિ માટે આ તમામ થીમ પર મજબૂત રોકાણ કરવાનું ચાલુ રાખે છે.

TCI ગ્રુપ વિશે TCI ગ્રુપ કે જેની આવક રૂ ૫૦૦૦ કરોડએ ભારતની અગ્રણી સંકલિત સપ્લાય ચેઇન અને લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પ્રોવાઇડર છે. ૬ દાયકામાં વિકસિત કુશળતા સાથે TCI ગ્રૂપ પાસે કંપનીની માલિકીની ઓફિસોનું વ્યાપક નેટવર્ક છે, ૧૩ મિલિયન. વેરહાઉસિંગ જગ્યા અને પ્રશિક્ષિત કર્મચારીઓની મજબૂત ટીમ. તેના ગ્રાહક-કેન્દ્રિત અભિગમ, વિશ્વ કક્ષાના સંસાધનો, અત્યાધુનિક ટેકનોલોજી અને વ્યાવસાયિક સંચાલન સાથે, જૂથ મજબૂત કોર્પોરેટ ગવર્નન્સને અનુસરે છે અને તેના હિતધારકો અને સામાજિક જવાબદારીઓ માટે મૂલ્ય નિર્માણ માટે પ્રતિબદ્ધ છે. TCI એ લોજિસ્ટિક્સ ક્ષેત્રમાં ઘણા સોલ્યુશન્સ લોન્ચ કરનાર સૌપ્રથમ હતું. તેના ઉત્પાદનની ઓફરમાં શામેલ છેઃ

TCI ફ્રેઇટઃ ભારતની અગ્રણી સપાટી પરિવહન સંસ્થા. આ વિભાગ કોઈપણ પરિમાણ અથવા ઉત્પાદન સેગમેન્ટના કાર્ગો માટે કુલ પરિવહન ઉકેલો પ્રદાન કરવા માટે સંપૂર્ણપણે સજ્જ છે. તે FTL (સંપૂર્ણ ટ્રક લોડ)/ ફ્ટક (ટ્રક લોડ કરતા ઓછા)/ નાના પેકેજો અને માલસામાન/ ઓવર ડાયમેન્શનલ કાર્ગો પર કાર્ગોનું પરિવહન કરે છે.

TCI જ્યફ્કૂતઃ TCI જ્યફ્કૂત તેના કાફલામાં છ જહાજો સાથે સારી રીતે સજ્જ છે અને કન્ટેનર અને બલ્ક કાર્ગોના પરિવહન માટે દરિયાકાંઠાની કાર્ગો જરૂરિયાતોને પૂર્ણ કરે છે. મલ્ટિમોડલ કોસ્ટલ શિપિંગ અને કન્ટેનર કાર્ગો હિલચાલ અને પરિવહન સેવાઓમાં અગ્રણી હોવાને કારણે, TCI Seaways ભારતને તેના પશ્ચિમ, પૂર્વ અને દક્ષિણ બંદરો સાથે જોડે છે.

TCI સપ્લાય ચેઇન સોલ્યુશન્સઃ TCI SCS એ સંકલિત સપ્લાય ચેઇન સોલ્યુશન્સનું સિંગલ વિન્ડો એન્એબલર છે જે કન્સેપ્ટ્યુલાઇઝેશન અને લોજિસ્ટિક્સ નેટવર્કને વાસ્તવિક અમલીકરણ સુધી ડિઝાઇન કરે છે. સપ્લાય ચેઇન કન્સલ્ટન્સી, ઇનબાઉન્ડ લોજિસ્ટિક્સ, વેરહાઉસિંગ / ડિસ્ટ્રિબ્યુશન સેન્ટર મેનેજમેન્ટ અને આઉટબાઉન્ડ લોજિસ્ટિક્સ મુખ્ય સેવા ઓફરિંગ છે.

TCI કેમિકલ લોજિસ્ટિક્સ સોલ્યુશન્સઃ TCIનો પેટાવિભાગ જે રસાયણોનો સંગ્રહ પૂરો પાડે છે - પ્રવાહી, શુષ્ક અને વાયુઓ સુસંગત વેરહાઉસમાં અને ISO ટાંકી કન્ટેનર, ગેસ ટેન્કરો અને ફ્લેક્સી ટેન્કમાં રેલ, રોડ અને કોસ્ટલ દ્વારા હિલચાલ.

TCI કોલ્ડ ચેઇન સોલ્યુશન્સ લિ.ઃ તાપમાન-નિયંત્રિત વેરહાઉસિંગ અને વિતરણ સેવાઓની જરૂરિયાતોને પહોંચી વળવા માટે સંકલિત કોલ્ડ ચેઇન સેવા પ્રદાતા. આ સુવિધા વિવિધ ઉદ્યોગોની જરૂરિયાતોને પૂરી કરે છે જેમ કે કૃષિ ઉત્પાદનો, પ્રોસેસ્ડ ફૂડ, જીવન વિજ્ઞાન, આરોગ્યસંભાળ, વિશેષતા રસાયણો વગેરે.

TCI CONCOR મલ્ટિમોડલ સોલ્યુશન્સ પ્રા. લિ.ઃ એન્ડ-ટુ-એન્ડ મલ્ટિમોડલ લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પ્રદાતા, તે TCI અને Concor વચ્ચેનું સંયુક્ત સાહસ છે. આ સેગમેન્ટ કોનકોરના રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે TCI ગ્રૂપની શક્તિઓ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ક્ષમતાઓને સમન્વયિત કરે છે. તે ખર્ચ-અસરકારક સંકલિત રેલ-રોડ સેવાની સ્થાપના કરે છે.

ટ્રાન્સસિસ્ટમઃ ઇનબાઉન્ડથી આઉટબાઉન્ડ લોજિસ્ટિક્સ સુધી સંપૂર્ણ લોજિસ્ટિક્સ સોલ્યુશન પ્રદાતા. ટ્રાન્સસિસ્ટમ ભારતમાં ટોયોટા કિર્લોસ્કર અને અન્ય જાપાનીઝ કંપનીઓ માટે લોજિસ્ટિક પાર્ટનર છે. તેમાં કમ્પ્લીટલી બિલ્ટ યુનિટ્સ (સીબીયુ) અને સ્પેરપાર્ટ્સ મેનેજમેન્ટ, વેરહાઉસિંગ અને વિતરણનો સમાવેશ થાય છે.

TCI એક્સપ્રેસ લિમિટેડઃ અગ્રણી એક્સપ્રેસ ડિસ્ટ્રિબ્યુશન નિષ્ણાત જે ગ્રાહકોની એક્સપ્રેસ આવશ્યકતાઓ માટે સિંગલ વિન્ડો ડોર-ટુ-ડોર અને સમયનો ચોક્કસ ઉકેલ પ્રદાન કરે છે. તે ભારતમાં ૪૦,૦૦૦ સ્થળો અને વિદેશમાં ૨૦૨ દેશોમાં સેવા આપે છે.

ઝઈઈ ડેવલપર્સ લિમિટેડઃ તે વિશાળ આધુનિક વેરહાઉસ, લોજિસ્ટિક્સ પાર્ક વગેરેનો વિકાસ હાથ ધરે છે.

TCI ફાઉન્ડેશનઃ જૂથના સામાજિક કાર્ય તરીકે, TCIF કોર્પોરેટ સામાજિક જવાબદારી નિભાવે છે અને ગ્રામીણ વિસ્તારોમાં વંચિત લોકો માટે ચેરિટેબલ હોસ્પિટલો અને શાળાઓ ચલાવે છે. તેણે બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન અને નેશનલ એડ્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન સાથે નબળા ટ્રકિંગ સમુદાયમાં AIDS દરમિયાનગીરી અને શિક્ષણ પર કાર્યક્રમો ચલાવવા માટે પણ સહયોગ કર્યો છે.